સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

કાશ્મીરી પંડિતો પિડાય છે લોહી ઉકળે છે ક્યાં ?
દેશમાં જ છે નિરાશ્રિતો, લાગણી પીગળે છે ક્યાં?
ઝઘડે છે ક્યાં કોઈ 'હિંદુત્વ' માટે અહીં નિઃસ્વાર્થ
'રોહિંગ્યા' માટે જૂઓ જાતિ-જનો બગડે છે કેવા?
(ગાયનું પૂછડું પકડી તરવું છે.)

નેતાઓ ને તો -
'રોહિંગ્યા' માં દેખાય -
છે 'મધપૂડો'

ચોરે ને ચૌટે
અને પાર્ટી પ્લોટમાં
રમે અંબામાં

હાઈકુ

ચિંતન

એતદર્થ કુલીનાના નૃપાઃ કુર્વન્તિ સંગ્રહમ્ ।
આદિમધ્યાડ્વસાનેષુ ન ત્યજન્તિ ચ તે નૃપમ્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટ માંથી લેવામાં આવેલ છે.

રાજા એ કુળવાન વ્યક્તિઓ ને જ સાથે રાખવી જોઈએ, કારણ કે તે રાજાની પ્રગતિ અને પતન બંને સમયે સાથ છોડતી નથી.

ખાનદાન વ્યક્તિઓ જેની સાથે મિત્રતા બાંધે છે તેઓ સારા અને ખરાબ બંને સમયમાં સાથ આપે છે. તે પોતાના મિત્રને સુખના સમયે સાચી સલાહ અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે જ્યારે દુઃખમાં મિત્રની પડખે એક ભાઈની જેમ ઊભા રહીને ખભેખભો મેળવી સાથ સહકાર આપે છે.

આ કારણે જ રાજાએ કુળવાન અને ખાનદાન વ્યક્તિઓને પોતાની સાથે રાખવી જોઈએ. કુળવાન માણસો ક્યારેય નીચ કાર્યો કરી પોતાની સ્વામી સાથે છળકપટ કરતા નથી. એમના સંસ્કાર જ એમને દગો કરતાં રોકે છે.

સુવિચાર

- આત્મીય વિકાસ માટે દુઃખ આવકાર્યા માધ્યમ છે - **રમણ મહર્ષિ**
- શિસ્યના જ્ઞાન પર હસ્તાક્ષર કરવાનું કામ જ ગુરુનું છે, બાકી બધો આધાર શિષ્ય પર છે - **વિનોબા ભાવે**
- સદા સંતોષ વિના સદા ખુશનુમાઈ ન હોય - **અરબી કહેવત**
- તમારી સાચી સમજણને એક અંધકારનું પડ વીંટળાઈ વળ્યું છે, એ અંધકારના પડને વીંધવા કુદરત તમને જે શક્તિની બક્ષિસ કરે તેનું નામ જ 'દુઃખ' - **ખલિલ જિબ્રાન**
- 'પશુ ન બોલવાને કારણે દુઃખી થાય છે જ્યારે માનવી બોલવાને કારણે' - **સંત કુલમાન**
- બોલવાની સુંદરતા કરતાં સાંભળવાની સુંદરતા વડે કુદરતની નજીક વહેલા પહોંચાય છે - **ઓશો**
- આજનું ઔષધ : બે ચમચી ધાણાનો ભૂકો ૧ કપ પાણીમાં ઉકાળી ને ગાળીને રોજ પીવાથી કોલેસ્ટરોલ ઘટે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ચંદ્રશેખર આઝાદ. 'આઝાદ' કેમ કહેવાયા તેની વાત. ચંદ્રશેખર સાથે કુલ બીજા આઠ ક્રાંતિકારીઓ પકડાઈ ગયા. ગોરા ન્યાયાધીશ પાસે એમને રજૂ કર્યા ત્યારે સૌએ નક્કી કર્યું હતું કે 'મરી જઈશું' પણ કોઈ વાત ઉઘાડી પાડવી નહીં અને સવાલો પૂછાય તો એના એલફેળ જવાબ આપવા. જયારે ચંદ્રશેખરને ન્યાયાધીશે પૂછ્યું : નામ ? ચંદ્રશેખરનો જવાબ હતો : 'આઝાદ' ન્યાયાધીશ ખૂબ ગુસ્સે થઈ ગયા ને પૂછ્યું, 'પિતાનું નામ ?' જવાબ : 'જેલ' ન્યાયાધિશ 'નિવાસ્થાન?' જવાબ : જેલ, ન્યાયાધીશ આવા જવાબથી એવા સમસમી ગયા કે તેમણે કહ્યું, 'અત્યારે તો શ્રીમાન આઝાદ, તમે જેલ ભેગા થાવ...'

ચંદ્રશેખરે કહ્યું, 'તથાસ્તુ' ભારત માતાની જય

ચંદ્રશેખર ત્યારથી, 'આઝાદ' બન્યાં. જેલમાં પણ તેઓ સૌને કહેતા રહેતા, 'હું તો મારા પિતાને ઘેર આવ્યો છું, કેમ કે 'સ્વાધીન' મારા પિતા અને જેલ જ મારું નિવાસસ્થાન છે.

આસ્થા સાથે વહેવારુ સમાધાન ન્યાયોચિત નહીં

તંત્રીસ્થાનેથી...

કોલકાતા હાઈકોર્ટે આડકતરી રીતે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીના મુસ્લિમ તરફી વલણની આકરી ઝાટકણી કાઢી છે. આ વખતે દશેરા અને મોહરમના તહેવારો સાથે આવી રહ્યા છે. દુર્ગા પૂજા એ બંગાળી પ્રજાનો સૌથી મોટો ઉત્સવ છે. શેરીએ શેરીએ દુર્ગા મહોત્સવનાં પંડાલ બંધાય છે અને ઉત્સવઘેલા શક્તિપૂજકો ગુજરાતની નવરાત્રીની જેમ એમની પરંપરા મુજબ દુર્ગાપૂજાનો મહોત્સવ ઊજવે છે. દુર્ગાની પ્રતિમાઓ અને ગણપતિની મૂર્તિઓની જેમ એકમેકથી ચડિયાતી અને સૌંદર્યવતી બનાવાય છે. સિંહવાહિની દુર્ગા મહિષાસુરનો વધ કરતાં હોય અને એમના ત્રિશૂળમાં રક્ત ટપકતું હોય એવી રોમહર્ષક મૂર્તિઓ સમક્ષ દુર્ગાપૂજાના દિવસો દરમિયાન મોડી રાત સુધી શ્રદ્ધાળુઓની ભીડ જામતી હોય છે. જેમ બિહારમાં સૂર્યસષ્ટી (છઠ્ઠ પૂજા) નો અને સરસ્વતી પૂજા (વસંતપંચમી) નો મહિમા છે તેમ બંગાળમાં અને બંગાળી સંસ્કૃતિ ધરાવતા ઉત્તર પૂર્વના ત્રિપુરા જેવા રાજયમાં તેમજ ઈસ્લામિક રાષ્ટ્ર બાંગ્લાદેશમાં પણ દુર્ગાપૂજાનો ઉત્સવ બડી ધામધૂમથી ઊજવાય છે. આ વખતે દુર્ગાપૂજાનું સમાપન અને મુસ્લિમોની માતમનો તહેવાર મોહરમ પાસ પાસેના દિવસોએ આવતાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ મોહરમના જુલૂસની તરફેણમાં દુર્ગા પ્રતિમાઓના વિસર્જન પર પ્રતિબંધ લગાવ્યો હતો. દેખીતું છે કે બેઉ સંપ્રદાયોનાં કેટલાંક કટ્ટરવાદી તત્ત્વો સામો સામસામાં ભિડાઈ જાય તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે. પરંતુ આ મુદ્દે અપીલ થતાં કોલકાત્તા હાઈકોર્ટે સરકારી હુકમને નિરસ્ત કર્યો છે અને સરકારી વલણની ટીકા કરી છે. બેઉ સંપ્રદાયોનાં વિશાળ સરઘસ આમને સામને ન આવી જાય તે માટે સરકારે બેઉ માટે જુદા જુદા રૂટ નક્કી કરવા જોઈએ અને બેઉને પોતપોતાની આસ્થા મુજબ એક જ દિવસે આવતા પોતાના તહેવારો ઊજવવાની તક આપવી જોઈએ. અત્યાર સુધી ક્યારેય દશેરા કે મોહરમ નિમિત્તે બંગાળમાં કોમી છમકતાં થયેલ નથી, પરંતુ મમતા બેનરજીએ બેઉ કોમના ઉત્સવઘેલા લોકો સામસામા ન આવી જાય તથા રાજકીય લાભ ખાટવાના આશયથી એમનાં મુઠ્ઠીભર તોફાની તત્ત્વો એનો ગેરલાભ ન લઈ જાય, એવા શુભ ઈરાદાથી જ પોતે જે ધર્મમાં આસ્થા ધરાવે છે, એ હિંદુ ધર્મના લોકોને મોહરમના દિવસે મૂર્તિ વિસર્જન નહીં કરવાનો સરકારી આદેશ ફરમાવ્યો હતો. અદાલતને એમનું આ વલણ ન્યાયોચિત નથી લાગ્યું કારણ કે જે પરંપરા મુજબ દુર્ગાપૂજાના સમાપનનો કર્મકાંડ પૂરો કરાતો રહ્યો છે, એના પર સરકારી નિયંત્રણ મૂકવું તે એમની આસ્થા સાથે ચેડાં કરવા જેવી બાબત છે. વળી એમાં મુસ્લિમ મતદારોને રાજી કરવાની રાજકીય રમતની પણ ગંધ આવે છે. આથી અદાલતે મમતા બેનરજીની કડક ટીકા કરી છે અને એમના સરકારી આદેશ (પ્રતિબંધ) હટાવી દેવાયો છે. આથી છંછેડાયેલા મમતા બેનરજીએ પણ બેઉ પ્રજાઓ માટે જરૂરી તમામ સુવિધાઓ કરી આપવાની ખાતરી સાથે કોઈ પોતાને આદેશ આપે તે બરાબર નથી, એવું નિવેદન કર્યું છે. ન્યાયની દેવીએ તો આંખો પર પાટા બાંધેલા છે. મમતા દીદીને ઉઘાડી આંખે વહીવટ કરવાનો છે. કેટલીક વાર રાજકીય નેતાઓએ વહેવારું અભિગમ અપનાવવા મજબૂર થવું પડતું હોય છે. અદાલત આવા વહેવારું અભિગમને પણ ન્યાયમાં ત્રાજવે તોળે છે ત્યારે સ્વાભાવિક રીતે જ ચૂંટાયેલી સરકારને બિનજરૂરી હસ્તક્ષેપ જ લાગતો હોય છે.

શું આપનો ધર્મ દારૂડિયાને 'મૌલવી' કહેવાને સમર્થન આપે છે ? - 'બા'નો સવાલ

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીને સત્યાગ્રહનો વિચાર કસ્તૂરબાએ આપ્યો હતો. કસ્તૂરબાએ માત્ર પતિના પગલે ચાલવાનું જ ગૌરવ ગાન કર્યું નથી બલ્કે સમયે સમયે મહાત્મા ગાંધીને મક્કમ સાથ આપીને તેમને ઘણી સરળતા કરી આપી હતી. ૧૯૩૬માં સપ્ટેમ્બર મહિનામાં કસ્તૂરબાએ તેમના સૌથી મોટા પુત્ર હરિલાલ ગાંધીએ મુસ્લિમ ધર્મ અંગીકરા કરીને જે યાતનાઓ મા-બાપ સહિતના સૌ કોઈને આપી તેની સામે જાહેર પત્ર લખ્યો હતો.

પુત્ર હરિલાલના ધર્મ પરિવર્તન સમયે સપ્ટેમ્બર ૧૯૩૬માં કસ્તુરબાનો જાહેર પત્ર

હરિલાલ ગાંધીએ તો માત્રને માત્ર પોતાના પિતાની વિરુદ્ધમાં એક ઓર ગતકડું કરવા ખાતર જ ઈસ્લામ અંગીકાર કર્યો હતો એ તો સ્પષ્ટ હતું. જે લોકોએ હરિલાલના ધર્મ પરિવર્તનને સમર્થન આપ્યું હતું અને તેમના ગુણગાન ગાઈને પોતાનો સ્વાર્થ સાધવાનો પ્રયાસ કરતા હતા તેમને પણ હરિલાલના ધર્મ પરિવર્તન પછી 'ધર્મ'ની વિભાવના અને પાલન સંદર્ભે અનેક મુશ્કેલીઓના જવાબ આપવા ભારે થઈ પડ્યા હતા. મહાત્મા ગાંધી પણ ખુદ શૂન્યમનસ્ક થઈને હરિ ઈચ્છા માનીને મૌન થઈ ગયા હતા. પરંતુ સદાચ ચૂપચાપ બાપુના કામમાં હાથ અને હૈયુ મિલાવીને કામ કરતા 'બા'થી હરિલાલના ધર્મ પરિવર્તન સમયે ચૂપ ના રહી શકાયું.

દેવદાસ ગાંધી નોધે છે કે એક દિવસ દિલ્હીમાં મારી પાસે બા બેઠા હતા. હરિલાલના ધર્મ પરિવર્તનની અસહ્ય પીડા તેમને જીરવવી અતિ મુશ્કેલ હતી. આ દુઃખને તેમને રોતાં રોતાં વ્યક્ત કર્યું હતું. એમના દરેક ઉદ્ગાર એટલા કરુણ અને હૃદયસ્પર્શી હતા કે મેં એ શબ્દોને લિપિબદ્ધ કરી લીધા હતા. એ પછી 'મા નો પોતાના પુત્રને ખુલ્લો પત્ર' એ શીર્ષક સાથે દેશના લગભગ તમામ અખબારો - સામાહિકોમાં ૧૯૩૬ના સપ્ટેમ્બર-ઑક્ટોબર મહિનામાં એ પ્રસિદ્ધ થયો હતો.

દેવદાસભાઈ લખે છે 'બા' એ સમયે જે રીતે બોલતા હતા એવા હૃદય ઉદ્ગારોની અકૃત્રિમતા અને સરળ પ્રવાહને ક્યારેય જોયા ન હતા. 'બા' ના શબ્દોની એવી તાકાત એમાં હતી કે જે મુઠ્ઠીભર મુસલમાનો હરિલાલભાઈના ધર્મ પરિવર્તનનો લાભ ઊઠાવવા માગતા હતા. તેમને પણ પોતાની મૂર્ખતા અને ભૂલનો અહેસાસ થયો. એટલું જ નહીં કે માત્ર મહાત્મા ગાંધીને નીચા દેખાડવાના પ્રયાસમાં તેમના પુત્રના કરાવાયેલા ધર્મ પરિવર્તનથી તો ખુદ પોતાના ધર્મ પર જ કલંકનું ટીકુ લાગી રહ્યું છે.

જે મુસલમાનોએ હરિલાલને મુસલમાન બનાવવામાં અને એ પછી તેમના બાલિસ વાણી-વર્તન રસરૂચિ દેખાડી હતી તેમને કસ્તુરબાએ બહુ સરળ શબ્દોમાં ય આડે હાથ લીધા હતા. આવા લોકોને ઉદ્દેશીને તેમણે કહ્યું કે, 'આપનો વ્યવહાર હું સમજી શકી નથી. હું કેવળ એવા લોકોને પૂછી રહી છું કે મારા દીકરાને સુધારવાની જગ્યાએ આ કહેવાતા ધર્મ પરિવર્તનને કારણે વસ્તુતઃ એની ખરાબ આદતો વધુ વકરી છે. આપે તો એની કુટેવો બદલ એને ખરી-ખરી વાત સંભળાવીને તેને ઊંધા રસ્તેથી ચાલતો અટકાવવો જોઈએ.'

એક સમયના બેરિસ્ટર ગાંધીના પત્ની એવા કસ્તુરબા અણીદાર સવાલ કરે છે કે કેટલાંક મુસ્લિમોએ મારા પુત્રને મૌલવી કહેવાનું શરુ કરી દીધું છે. શું આ ઉચિત છે ? શું આપનો ધર્મ દારૂડિયાઓને 'મૌલવી' કહેવાને સમર્થન આપે છે?

હરિલાલ એ સમયે મદ્રાસમાં એક સદ્ગૃહસ્થના ઘરે રોકાયા હતા અને મોડી રાત્રે છાટકા બનીને ધમાલ કરી હતી. અસભ્ય આચરણ બદલ પોલીસે તેમની ધરપકડ કરી હતી. મેજિસ્ટ્રેટ પણ તેમને સાવ હળવી સજા કરી હતી કારણ ગાંધી બાપુનો ખ્યાલ રાખીને ચૂકાદો આપ્યો હતો. પણ એ જયારે મદ્રાસથી ટ્રેનમાં નીકળ્યા ત્યારે પ્લેટફોર્મ પર અસંખ્ય મુસ્લિમો હરિલાલને હાર્દિક અભિનંદન પાઠવવા આવ્યા હતા. આ કિસ્સાનો ઉલ્લેખ કરતાં 'બા' એ સવાલ કર્યો હતો કે 'મને એ સમજાતું નથી કે આ રીતે હરિલાલને પ્રોત્સાહન આપવામાં આપ લોકોને શું ખુશી થતી હશે ? જો તમે ખરેખર તેને તમારો ભાઈ જ માનતા હો તો આવું ક્યારેય કરાય નહીં. કારણ કે એના સન્માનથી તો એને પોતાને જ નુકશાન થશે. પણ જો કેવળ તમે અમારી ફજેતી કરવા

અનુસંધાન પાના નં. ૭ પર

પ્રભુ પ્રીતાર્થે તથા જનકલ્યાણર્થે પૂ. મોટાની જીવનયાત્રાઃ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

વૃધ્ધાવસ્થા તથા મૃત્યુ એ લગભગ દરેક માનવીના જીવનની અનિવાર્ય ઘટના છે. આથી સંત પૂજ્ય મોટાના જીવનમાં પણ આ પૃથ્વી પરથી વિદાયની ક્ષણ આવી પહોંચી હતી. પરંતુ આ સંત જૂદી માટીથી ઘડાયેલા હતા. શરીરની વધતી જતી વ્યાધિઓની વચ્ચે એક દિવસ રાત્રે તેમણે શારીરિક પીડાને ગણકાર્યા સિવાય કેટલાક શબ્દો લખવાની શરૂઆત કરી. માનવ માત્રના ચિત્તને ઉજાગર કરે તેવા આ શબ્દો છે. સંત લખે છે :

''હું ચુનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા
રહેવાસી હરિઓમ આશ્રમ નડિયાદઃ
આથી જણાવું છું કેઃ

મારી રાજીખુશીથી, મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણાં રોગથી ઘેરાયેલો છે. લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. આથી આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે... મારા શરીરનો અગ્નિસંસ્કાર શાંત જગાએ, મૃત્યુસ્થળની નજીકમાં કરવો. તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં માણસો ભેગા કરવા નહિ- તેમ ફરમાવું છું. મારા અસ્થિને નદીમાં પધરાવી દેવા. મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ ભંડોળ ભેગું થાય તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો. ''(જુલાઈ- ૧૯૭૬)

આપણા સંતોની ઉજળી પરંપરામાં આપણી શ્રધ્ધા અકબંધ રહી છે. તેની પાછળ પૂ. મોટા જેવા સંતોની જીવન સાધના હશેજ તેમ જરૂર કહી શકાય. સાંપ્રતકાળમાં જ્યારે કેટલાક કહેવાતા 'મહારાજો' કે 'બાબાઓ' ના જીવન-વાણી તેમજ વ્યવહારને લઈને સમાજ જીવન ડહોળાયું છે ત્યારે પૂજ્ય મોટાનું જીવન આપણાંમાં શ્રધ્ધા તથા આશાના નવલા કીરણ પ્રગટાવે છે. આવા સંતોએ જીવી જાણ્યું તથા મોતને પણ ઉજાળીને ગયા. પૂ. મોટાએ સહેજ પણ ઈચ્છા વ્યક્ત કરી હોત તો હજારો ભક્તોની માનવમેદની તેમની અંતિમક્રિયામાં ઉપસ્થિત રહી હોત તથા તેમનો ગગનભેદી જય-જયકાર કર્યો હોત. સંતને આ વાત મંજૂર ન હતી. વૃક્ષ પરથી કુદરતના ક્રમ અનુસાર સહેજે ખરી જતાં પર્ણની જેમ પૂજ્યા મોટાએ આલોકનો ત્યાગ કર્યો. જય-જયકારની એષણા એ પણ સંત માટે બાધ્ય છે તે વાત સહેજમાં સમજાવીને ગયા. એજ રીતે પૂજ્ય મોટાએ ઈચ્છા રાખી હોત તો તેમના અનેક ઈંટ-ચૂનાના સ્મારક ઊભા થયા હોત. પૂજ્ય મોટાનું નામાભિધાન ત્યાં થયુ હોત. તેમના ફોટા પણ આવા ભવ્ય સ્મારકોમાં મૂકાયા હોત. આવી મહેચ્છનો પણ જાગૃતિપૂર્વક ત્યાગ ! આથી ઈંટ-ચૂનાના સ્મારકોના આધારે ટકી રહેલા લોકોના નામ કદાચ સ્મૃતિ શેષ થશે પરંતુ પૂ. મોટા અનેક સજ્જનો-ભક્તોના હૃદયમાં સ્થાયી સ્મારક થઈને જીવતાં અને મહેકતા રહેશે. દૂર સુદૂરના ગામડાઓની પ્રાથમિક શાળાઓના ઓરડાનું કવચ બનીને આ સંત કુમળા બાળકોનું અવિરત રક્ષણ તથા પોષણ કરતા રહશે. એક જગાએ આથીજ શ્રીમોટાએ લખ્યું છે : ''હું સર્વત્ર વિદ્યમાન છું'' શિષ્યોની વણઝાર ઊભી કરવાની એષણા પણ આ સંતથી જોજનો દૂર રહી. લખે છે : હું કોઈને શિષ્ય બનાવતો નથી.'' ૧૯૩૦ થી ૧૯૩૨ દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક તથા ચરવડાની જેલમાં રહ્યા. વીસાપુર જેલમાં પણ સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ 'જીવનગીતા' નામથી લખ્યું. જીવનના એક મહત્વના ધ્યેય તરીકે દલિતોની સેવાના અનેક કાર્યો કર્યા. દરેકને 'સ્વ' ની ઓળખ થઈ શકે તે માટે મૌનમંદિરનો અસરકારક આધ્યાત્મિક પ્રયોગ શ્રીમોટાએ કરી બતાવ્યો તેમના આશ્રમોમાં મૌનમંદિરોની પ્રતિષ્ઠા થઈ. જીવનમાં પોતે પણ કઠીન સાધના કરી તેમજ સમાજને સાધના પંથનું દર્શન કરાવ્યું. ખરા અર્થમાં લોકોપયોગી જીવન જીવનાર શ્રીમોટા લખે છે :

જીવને ઉપયોગી હું
જેને તેને થવા મથ્યો
સામા પક્ષની ના કોઈ
અપેક્ષા દિલ રાખી છે
આવવા ખપ જે તેના
સતત યત્ન તો હતો
પછી તો પ્રભુપ્રીત્યર્થે જે તે
સર્વે કર્યે જતો.

જેણે ઠીક-અઠીકની વ્યવસ્થા જગત નિયંતા કરે છે તેવો દૃઢ વિશ્વાસ શ્વાસોશ્વાસની સાથે ધારણ કર્યો છે તેવા સંત જ જીવનની છેલ્લી ક્ષણો પૂ. મોટા જેવી નિસ્પૃહી વૃત્તિથી વધાવી શકે. માતૃ સ્વરૂપા મહી નદીના કીનારે મોટાએ પોતાનું જીવનકાર્ય સંકેલી લીધું.

સપ્ટેમ્બર માસમાં પૂ. મોટાની વિશેષ સ્મૃતિ થાય છે. પૂ. મોટાનો જન્મ સપ્ટેમ્બર-૧૮૯૮ માં સાવલી (જિ.વડોદરા)માં થયો હતો. તેમનું સંસારી નામ ચૂનીલાલ હતું. એક સદી પહેલા જગતમાં આવીને આ દ્રષ્ટિવાન સંત શ્રધ્ધા – ભક્તિ તથા વ્યવહારજીવનમાં નવા ચીલા પાડીને ગયા. લોકહિતના અનેક કાર્યોનું બીજ વાવીને તેઓ ગયા. હરિઓમ આશ્રમની પ્રવૃત્તિઓથી આવા કાર્યો વટવૃક્ષની જેમ ફાલ્યા, ફૂલ્યા અને વિસ્તર્યા છે. સુવિખ્યાત ચિંતક તથા વિચારક વિદુષિ વિમલા ઠકારે લખ્યું છે કે શ્રી મોટાને મળવાનું થાય ત્યારે તેઓ હંમેશા લાગણી સભર થઈને કહેતા કે આગલો જન્મ તેઓ સ્ત્રી દેહમાં લેવા માંગે છે. તેનું કારણ એટલું જ કે સ્ત્રીદેહમાં નિર્દોષ તેમજ સંપૂર્ણ પ્રેમની પ્રતીતિ સંભવી શકે છે. પૂ. મોટાની સ્મૃતિને વંદન કરવાનો આ અવસર છે.

ભાગ્યેશ જહાએ ગાંધીનગરના ગૌરવમાં વધારો કર્યો

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગુજરાતી સાહિતય ક્ષેત્રે, સાહિત્ય માટે હરિન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક એનાયત કરવામાં આવે છે. તા. ૧૭-૯-૨૦૧૭ના રોજ, સંત મોરારિ બાપુની ઉપસ્થિતિમાં સ્થિત કવિ, નિબંધકાર, વક્તા અને માન. મુખ્ય મંત્રીના ખાસ ફરજ પરના અધિકારી અને ગાંધીનગર સાહિત્યના પૂર્વ અધ્યક્ષ ભાગ્યેશ જહાને તેઓના સાહિત્યમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ, રૂપિયા ૫૧ હજારની ધનરાશિ સાથે એનાયત કરવામાં આવ્યો આ સાથે પત્રકારિતામાં શ્રેષ્ઠ પ્રદાન બદલ જન્મભૂમિ ગ્રુપના પૂર્વ બ્યુરો ચીફ અને જાણીતા રાજકીય વિશ્લેષક જયંતિભાઈ દવેને પણ આ એવોર્ડ અને ધનરાશિ, તેઓને અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય મોરારિ બાપુએ જણાવ્યું હતું કે, કવિ નિરંકુશ હોવા જોઈએ અને કવિની મસ્તી સચવાવી જોઈએ. આ પ્રસંગે કુંદન વ્યાસ અને રમેશ પુરોહિત તથા ટ્રસ્ટના અધ્યક્ષ નવીન દવે દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યા હતા.

ભાગ્યેશ જહાને મળેલ એવોર્ડ એ ગાંધીનગર શહેર અને ગાંધીનગર સાહિત્ય સભા માટે એક ગૌરવપૂર્ણ બાબત કહેવાય. તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ અંતરની શુભકામનાઓ.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ઓમ કોમ્યુનિકેશન સંયુક્ત ઉપક્રમે કવિ, નાટ્યકાર, પત્રકાર કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણીના ૧૦૭માં જન્મદિન પ્રસંગે 'પુનરપિ પુનઃ' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીધરાણીના નાટક 'ઝબક જયોત'નું વાચિકમ્ એલ. જે. ઈન્સ્ટિટયુટ ઑફ મીડિયા એન્ડ કમ્યુનિકેશન, અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેનું દિગ્દર્શન ભાર્ગવ ઠક્કરે કર્યું હતું. શ્રીધરાણીના જીવન અને કવન વિષે નિસર્ગ આહિરે અને તેમની સાહિત્ય સૃષ્ટિ વિષે કવિ વિનોદ જોશીએ વક્તવ્ય આપ્યાં હતા. આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાયેલ આ સાહિત્યિક વ્યાખ્યાન પ્રસંગે શ્રીધરાણીના પુત્રવધૂ વિનીતા શ્રીધરાણી ખાસ મુંબઈથી ઉપસ્થિત રહ્યા.

● ગુજરાત આર્ટ્સ કૉલેજ દ્વારા 'વેદ કી વૈશ્વિક પ્રાર્થના' એ વિષય પર એક પરિસંવાદ યોજાઈ ગયો, જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડ્યા ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુભાઈ પંડ્યા અતિથિ વિશેષ તરીકે હતા. જયારે ડૉ. વસંતકુમાર ભટ્ટ સંસ્કૃત વિભાગના પૂર્વ અધ્યક્ષ તથા રામનારાયણ શાસ્ત્રી રાજસ્થાન તથા કપિલભાઈ ઓઝા પણ ઉપસ્થિત રહ્યા હતા.

● ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન તથા સુરક્ષા સેતુ સોસાયટી પોલીસ, અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૧મી જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ તા. ૨૭-૮-૨૦૧૭ના રોજ એમની બાલ્યાવસ્થાની લીલાભૂમિ ખાતે અને તા. ૨૮-૮-૨૦૧૭ના રોજ જન્મભૂમિ ચોટીલા ખાતે સ્વરાંજલિ કાર્યક્રમ યોજાઈ ગયો. 'મેઘાણી વંદના' ના ભાગરૂપે - કસુંબલ લોકડાયરો યોજાયો હતો. 'લાગ્યો કસુંબીનો રંગ રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' થી થયેલ ડાયરાની જમાવટ હેઠળ, લોકશાયર મેઘાણીરચિત અને સંપાદિત ગીતો - લોકગીતો અને ભજનોની રમઝટ જામતા લોકમેદની હરખને હિલોળે ચઢી હતી.

● ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ના શ્રેષ્ઠ પુસ્તકોનો પારિતોષિક અર્પણ સમારોહ રાજયના સાંસ્કૃતિક મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના અધ્યક્ષપદે તા. ૨૨-૮-૨૦૧૭ના રોજ જે.બી. ઓડિટોરિયમ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિમાં ખલીલ ધનતેજવી; રાજેશ વ્યાસ, 'મિસ્કીન', મનસુખ સલ્લા, અમૃત ગંગર, ડૉ. અરુણિકા દરૂ, ઉર્વી તેવાર, ગોર્ધન ભેંસાણિયા, રાઘવજી માધડ અને ઉજમશી પરમારથી માંડીને બાળસાહિત્યના રવીન્દ્ર અંધારિયા અને તારિણી બહેન દેસાઈ સુધીના સર્જકોની કૃતિને પુરસ્કૃત કરીને પોંખવામાં આવી હતી. આ પોંખાયેલ પ્રતિમાઓમાં ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો સર્વ રાઘવજી માધડ અને ઉજમશી પરમારનો થયેલ સમાવેશ એ ગાંધીનગર સાહિત્ય સભા માટે ગૌરવપૂર્ણ ઘટના છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

આ પારિતોષિક અર્પણ કાર્યક્રમમાં રજનીકુમાર પંડ્યા, યશવંત મહેતા, ડૉ. કેશુભાઈ દેસાઈ જેવાં મૂર્ધન્ય સાહિત્યકારો અને ઉર્દૂ સાહિત્યના ડૉ. મોહિયુદ્દીન બોમ્બેવાલા, નિસાર અહેમદ અન્સારી ઉપસ્થિતિ ધ્યાનાકર્ષક રહી હતી.

● કવિ, નવલકથાકાર અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ૧૨૧માં જન્મદિન પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમી અને ઓમ કોમ્યુનિકેશનના સંયુકત ઉપક્રમે તા. ૨૮-૮-૨૦૧૭ના રોજ આત્મા હોલ, અમદાવાદ ખાતે એક સાહિત્યિક સૃષ્ટિ પર, સાહિત્યકાર અને નિવૃત્ત આઈ.એ.એસ. વસંતભાઈ ગઢવીએ પ્રકાશ પાડતાં કહ્યું હતું કે આવા કાર્યક્રમો થતી મેઘાણીની મૌલિક સર્જક પ્રતિભાનું રસપાન સમાજને કરાવી શકીએ છીએ. મેઘાણી લોકથા, લોકગીત, લોકસાહિત્ય અને બહારવટિયા કથા આદિ વડે એટલી કીર્તિ હાંસલ કરી શક્યા હતા કે તેઓની નવલિકા, નાટકો અને સાંપ્રત વિચારકથાઓનો ઉલ્લેખ લોકમાનસમાં ક્રમશઃ ઓછો થતો ગયો છે.

લોકસાહિત્યના મર્મજ્ઞ કનુભાઈ જાનીએ અધ્યક્ષ સ્થાનેથી મેઘાણી સાથેનાં પોતાના અંગત સંસ્મરણોને વાગોળ્યા હતા અને શબ્દાંજલિ અર્પી હતી.